અપીલ અરજી નં.૩૨૩ તા.૧૫–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જયંતિભાઈ મુળજીભાઈ મીસ્ત્રી
સામાવાળાઃ–(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસ)
(૨)એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ((ડ્રેનેજ ,સ્ટ્રોમ)
(૩)ઈ.ચા ડે.કમિ.(હેએન્ડહો)) અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે.)
(૪)ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપીડી,જે.એન.એન.યુ.આર)
(૫) ઈ.ચા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)
(૬) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક,બ્રીજ)
(૭)ઈ.ચા. ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતિભાઈ મુળજીભાઈ મીસ્ત્રીની તા.૨–૧૧–૧૦ ની અરજીથી (૧)કેન્દ્ર અને રાજય સરકારશ્રીની નુર્મ યોજના અંતર્ગત ગ્રાન્ટો મેળવનાર મહાનગરપાલિકાઓ પૈકી સુરત કેન્દ્ર અને રાજય સરકાર સાથે કરેલ એમ.ઓ.યુ.ની તારીખ, તેમાં સહીઓ કરનાર જે તે મહાનગર,રાજય સરકાર અને નુર્મ યોજનાના અધિકારીઓના પુરા નામ હોદ્દા સહિતની માહિતી અને જે તે એમઓયુની નકલો જોવા, વાંચવા ટાંચણ કરવા આપો માંગણી કરીએ તેટલા પાનાની ઝેરોક્ષ આપો.વિગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૫–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૩/૨૦૧૦–૧૧

શ્રી જયંતિભાઈ મુળજીભાઈ મીસ્ત્રીની તા.૨–૧૧–૧૦ ની અરજીથી (૧) કેન્દ્ર અને રાજય સરકારશ્રીની નુર્મ યોજના અંતર્ગત ગ્રાન્ટો મેળવનાર મહાનગરપાલિકાઓ પૈકી સુરત કેન્દ્ર અને રાજય સરકાર સાથે કરેલ એમ.ઓ.યુ.ની તારીખ, તેમાં સહીઓ કરનાર જે તે મહાનગર, રાજય સરકાર અને નુર્મ યોજનાના અધિકારીઓના પુરા નામ હોદ્દા સહિતની માહિતી અને જે તે એમઓયુની નકલો જોવા, વાંચવા ટાંચણ કરવા આપો માંગણી કરીએ તેટલા પાનાની ઝેરોક્ષ આપો.વિગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળા બાદ મળેલી માહિતી અને નમુનામાં માહિતી તથા નાણા અંગે પત્ર ન આપેલ હોવાથી અને મોડી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૮ તા.૧૮–૧–૧૧ થી થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસ), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ((ડ્રેનેજ ,સ્ટ્રોમ), ઈ.ચા ડે.કમિ.(હેએન્ડહો)) અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે.), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપીડી,જે.એન.એન.યુ.આર),ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક,બ્રીજ), ઈ.ચા. ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ..નં.૧૫૯૧ તા.૨૫–૧–૧૧ થી પૂરક વિગતોમાં ટાઉન પ્લાનર તરફથી તબદીલ થયેલ પત્ર નં.ટીપીડી/જેએનએનયુઆરએમ/આરટીઆઈ/૩ તા.૧૬–૧૧–૧૦ ના પત્રની નકલ, જેએનએનયુઆરએમ કચેરી જાવક નં.૩૧૮૦ તા.૩–૧૦–૧૦ વડોદરા મહાનગરપાલિકાના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલી માહિતી અંગે પાઠવેલ પત્ર નં.એસયુસી/આ.નં.૧૩૭૭ તા.૪–૧૨–૧૦ ના પત્રની નકલ તથા પત્ર નં.એસયુસી/આ.નં.૧૫૯૦ તા.૨૪–૧–૧૧ થી આપેલ ઈન્સ્પેકશન અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, ફંડ રીલીઝડ એન્ડ યુટીલાઈઝ અંગેનું તા.૨૧–૧–૧૧ ના પત્રકની નકલ, ડીટેઈલ ઓફ પ્રોજેકટ અન્ડર ટેકન ના પત્રક નંગ–૨ ની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટીપીડી/જેએનએનયુઆરએમ તરફથી પત્ર નં.ટીપીડી/જેએનએનયુઆરએમ/આરટીઆઈ/૫ તા.૨૪–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, પત્ર નં.ટીપીડી/જેએનએનયુઆરએમ/૩ તા. ૧૬–૧૧–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, પત્ર નં.જેએનએનયુઆરએમ/કચરી/૩૧૮૦ તા.૩–૧૦–૧૦ ના વડોદરા મહાનગરપાલિકાની અરજીની નકલ, અરજદારનુ મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીપીડી/જેએનએનયુઆરએમ/આરટીઆઈ /૪ તા.૧૮–૧૧–૧૦ ના પત્રની નકલ, એનેક્ષર–૧ ની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ૧ થી ૩ અને ૬,૭ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી સો.વે.મે. ધ્વારા અરજદારને પાઠવેલ તા.૧૬–૧૨–૧૦ ના માહિતી પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ ધ્વારા તા.૧૫–૧૨–૧૦ ના રોજ અરજદારને પાઠવેલ માહિતીની નકલ તથા જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ ધ્વારા તા.૬–૧૨–૧૦ ના રોજ અરજદારને પાઠવેલ માહિતીની નકલ મળેલ છે.

અરજદારની તા.૨–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ કાર્યપાલક ઈજનેર જેએનએનયુઆરએમસેલ કચેરી વડોદરા ખાતે કરવામાં આવેલ. જે જેએનએનયુઆરએમ કચેરી વડોદરા મહાનગરપાલિકા તરફથી જાવક નં.૩૧૮૦ ૨. તા.૩–૧૧–૧૦ ના રોજ તબદીલ થયેલ જે અત્રેના સત્તા મંડળના ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૧–૧૧–૧૦ ના રોજ મળેલ છે. જે ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/જેએનએનયુઆરએમ/આરટીઆઈ/૩ તા.૧૬–૧૧–૧૦ થી ચીફ એકા.શ્રી /કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ/હાઈડ્રોલીક/બ્રીજ/બીઆરટીએસ સેલ/સુડા/સ્લમ અપગ્રેડેશન સેલ/સ્ટ્રોમ/સો.વે.મે.) ને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને મુદ્દા નં.૩ થી ૫ અંગે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/૧૩૭૭ તા.૪–૧૨–૧૦ થી તથા એસયુસી/૧૫૯૦ તા.૨૪–૧–૧૧ થી ઈન્સ્પેકશન અંગેની વિગતો આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ તરફથી પત્ર નં.બીઆરટીએસ/આરટીઆઈ/૬૩૩ તા.૬–૧૨–૧૦ થી તથા જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ તરફથી પીએચડી/સો.વે.મે./૧૭૪૪ તા.૧૬–૧૨–૧૦ થી, જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આ.નં.૩૪ તા.૧૫–૧૨–૧૦ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ નિર્ણય મળેલ નથી તેવું જણાવી તેમજ નમુના–ગ માં નિર્ણય મળેલ ન હોવાથી નારાજ થઈ તા.૧૫–૧–૧૧ ના રોજ અરજદાર ધ્વારા અપીલ અધિકારી અને ડે.કમિ. (સ્પે.) સુરત મહાનગરપાલિકાને અપીલ કરેલ છે. જેમાં અરજદારને (૧) નિયત નમુનામાં માહિતી આપેલ નથી અને નામ જણાવેલ નથી. (૨) નાણા ભરવા અંગે નિયત નમુનામાં માંગણી કરેલ ન હોવાથી. (૩) જાહેર માહિતી અધિકારીએ અપીલ અધિકારીના નામ સરનામા ન જણાવ્યા હોવાથી. (૪) જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(હેઅનેહો) જાવક નં.૧૭૪૪ તા.૧૬–૧૨–૧૦ એડી.સીટી ઈજનેરનો જાવક નં.૩૪ તા.૧૫–૧૨–૧૦ ની દિન–૧૦ ની મોડી માહિતી આપેલ હોવાથી. જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન માટે ૭ દિવસના સમય મર્યાદાનું ઉલંઘન કરેલ હોઈ વિના મૂલ્યે નકલ આપવા બાબત. (૬) અન્ય રજૂઆત અપીલ તબકકે કરીશું. તેવું જણાવેલ છે. અરજદારે તેની મુળ અરજીમાં મુદ્દા નં.(૧) કેન્દ્ર અને રાજય સરકારશ્રીની નુર્મ યોજના અંતર્ગત ગ્રાન્ટો મેળવનાર મહાનગરપાલિકાઓ પૈકી સુરત કેન્દ્ર અને રાજય સરકાર સાથે કરેલ એમ.ઓ.યુ.ની તારીખ તેમાં સહીઓ કરનાર જે તે મહાનગર, રાજય સરકાર અને નુર્મ યોજનાના અધિકારીઓના પુરા નામ હોદ્દા સહિતની માહિતી અને જે તે એમઓયુની નકલો જોવા, વાંચવા ટાંચણ કરવા આપો માંગણી કરીએ તેટલા પાનાની ઝેરોક્ષ આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પીએન્ડડી) તરફથી નિયત સમય મર્યાદામાં પત્ર નં.ટીપીડી/ જેએનએનયુઆરએમ/આરટીઆઈ/૪ તા.૧૮–૧૧–૧૦ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ અન્વયે સુરત મહાનગરપાલિકા કેન્દ્ર સરકાર અને રાજય સરકાર વચ્ચે તા.૨૮–૩–૦૬ ના રોજ એમઓયુ થયેલ જેમાં સહી કરનારની વિગતો નીચે મુજબ છે. (૧) કેન્દ્ર સરકારની શહેર વિકાસ મંત્રાલય તરફથી (૨) ગુજરાત સરકાર તરફથી શ્રી કે . કૈલાશ નાથન પ્રિન્સીપલ સેક્રેટરી, યુડીડી, ગર્વમેન્ટ ઓફ ગુજરાત (૩) સુરત મહાનગરપાલિકા તરફથી શ્રી પંકજ જોષી કમિ.શ્રી સુરત મહાનગરપાલિકા. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) મુદ્દા નં.૧ માં જણાવેલ જે તે મહાનગર સેવાસદને નુર્મ યોજના હેઠળ જે તે યોજનાઓ હેઠળ ગ્રાન્ટો મંજુર કરાવેલ હોય જેમાં જે તે પ્રોજેકટની વિગત મંજુર થયેલ કેન્દ્ર સરકારની રકમ રૂપિયા રાજય સરકારની રકમ રૂપિયા જે તે મહાનગરનો પોતાનો ફાળાની રકમ વિગેરેની માહિતી પ્રમાણિત કરીને આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમારી અરજીના મુદ્દા નં.૨ અન્વયે **JNNRUM** (યોજના હેઠળ મંજુર થયેલ પ્રોજેકટોની મંજુર રકમ, મંજુર ગ્રાન્ટો(કેન્દ્ર સરકાર , રાજય સરકાર, તેમજ અર્બન લોકલ બોડી ) વિગેરેને વિગતો આ સાથે બીડેલ એનેક્ષર–૧ માં આપેલ છે. જેમાં અરજદારને પ્રોજેકટનું નામ મંજુર, રકમ , કેન્દ્ર સરકાર તરફથી મળનાર ફાળો, રાજય સરકાર તરફથી મળનાર ફાળો અને સુમપા તરફથી મળનાર ફાળો વિગેરેનું પત્રક ૧ થી ૩૪ એન્ટ્રીમાં જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સીટી ઈજનેર તરફથી કેન્દ્ર સરકારની જેએનએનયુઆરએમ યોજના અંતર્ગત સુરત શહેરની વોટર સપ્લાય સ્કીમ માટે નીચે જણાવેલ વિગત મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. સુરત શહેરના હદ વિસ્તરણ અગાઉના વિસ્તારની વોટર સપ્લાય સ્કીમ માટે સરથાણા, કતારગામ તથા રાદેર વોટર વર્કસના ઓગમેન્ટેશન (ક્ષમતાવૃધ્ધિ) માટે કુલ રૂા.૧૪૦.૬૮ કરોડની મંજુર પ્રોજેકટ રકમ પૈકી અત્યાર સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી રૂા.૭૦.૩૪ કરોડની રકમ, રાજય સરકાર તરફથી કુલ રૂા.૨૮.૧૪ કરોડ તથા સુરત મહાનગરપાલિકાના સ્વ ભંડોળમાંથી રૂા.૪૨.૨૦ કરોડ રકમ ફાળવવામાં આવેલ છે. શહેરની હદમાં ઉત્તર ભાગમાં સમાવિષ્ટ થયેલ નવા વિસ્તારોની વોટર સપ્લાય સ્કીમ માટે કુલ રૂા. ૧૬૭.૪૩ કરોડની મંજુર પ્રોજેકટ રકમ પૈકી અત્યાર સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂા.૬૨.૭૮ કરોડ રકમ રાજય સરકાર તરફથી કુલ રૂા. ૨૫.૧૧ કરોડ તથા સુરત મહાનગરપાલિકાના સ્વ ભંડળોમાંથી રૂા.૩૭.૬૭ કરોડ રકમ ફાળવવામાં આવેલ છે. શહેરની હદમાં દક્ષિણ પૂર્વ ભાગમાં સમાવિષ્ટ થયેલ નવા વિસ્તારોની વોટર સપ્લાય સ્કીમ માટે કુલ રૂા. ૨૦૧.૦૯ કરોડ મંજુર પ્રોજેકટ રકમ પૈકી અત્યાર સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂા.૨૫.૧૪ કરોડ રકમ રાજય સરકાર તરફથી કુલ રૂા.૧૦.૦૫ કરોડ તથા સુરત મહાનગરપાલિકાના સ્વ ભંડળમાંથી રૂા.૧૫.૦૮ કરોડ રકમ ફાળવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) મુદ્દા નં.૧ માં જણાવેલ જે તે મહાનગરે અત્યાર સુધીમાં મળેલ કેન્દ્ર રાજય સરકાર તરફથી મળેલ ગ્રાંટો જે તે કામો અંતર્ગત જે તે ઈજારાદારોને નાણા ચૂકવ્યા હોય તેમાં ઈજારાદારનું પુરું નામ, સરનામું, તેનો રજીસ્ટર નંબર, તારીખ, તેને આપેલા વર્ક ઓર્ડર નંબર, કામની સમય મર્યાદા કામ શરૂ કર્યા તારીખ, કામ પૂર્ણ કર્યા તારીખ ઈજારાદારના કામનું બીલ નંબર, તારીખ બીલની રકમ રૂપિયા તેણે ચૂકવેલ પાર્ટ/કુલ પેમેન્ટની તમામ વિગત સહિતની પ્રમાણિત માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમારી અરજીના મુદ્દા નં.૩ અન્વયેની માહિતી **JNNRUM** ( સેલને લાગુ પડતી ન હોઈ અત્રેના સત્તા મંડળના લાગુ પડતા વિભાગોને

પત્ર નં.ટીપીડી/જેએનએનયુઆરએમ/આરટીઆઈ/૩ તા.૧૬–૧૧–૧૦ થી અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. તેવું જણાવે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન કક્ષાએથી મુદ્દા નં.૩ અંગે અરજદારને મુદ્દા નં.૧ ની વિગતે જે તે મહાનગરે અત્યાર સુધીમાં મળેલ કેન્દ્ર /રાજય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટો જે તે કામો અંતર્ગત જે તે ઈજારાદારોને નાણા ચૂકવ્યા હોય તેવા ઈજારાદારનું પુરું નામ, સરનામું તેનો રજીસ્ટર નંબર, તારીખ, તેને આપેલ વર્ક ઓર્ડર નંબર, કામની સમય મર્યાદા, કામ શરૂ કર્યાની તારીખ, કામ પૂર્ણ કર્યાની તારીખ, ઈજારાદારના કામનું બીલ નંબર, તારીખ બીલની નકલ તથા તેને રૂપિયા ચૂકવેલ પાર્ટ/ ફુલ પેમેન્ટની સ્લમ અપગ્રેશન સેલ વિભાગને સ્પર્શતી માહિતીના પત્રકના કુલ પાના–૬ થવા જાય છે પાના દીઠ ૨ ગણતા કુલ રૂા. ૧૨ સુરત મહાનગરપાલિકાના કોઈ પણ નાગરીક કેન્દ્રમા ભર્યાની રસીદ સ્લમ અપગ્રેડેશન વિભાગમાં રજૂ કર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ ત્યાર બાદ એસયુસી/આ.નં.૧૫૯૦ તા.૨૪–૧–૧૧ થી પાના નંગ–૬ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ સેલ તરફથી પત્ર નં.બીઆરટીએસ સેલ/આ.નં.૬૩૩ તા.૬–૧૨–૧૦ થી અરજદારના મુદ્દા નં.૩ અન્વયે માહિતી એનેક્ષર–૧ થી અરજદારને અનુક્રમ નંબર, કામનું નામ, ઈજારાદારનું નામ– સરનામું, રજીસ્ટ્રેશન નંબર અને તારીખ, વર્ક ઓર્ડર નંબર અને તારીખ, કામની સમય મર્યાદા, કામ શરૂ કર્યાની તારેખ કામ પૂર્ણ કર્યાની તારીખ અને તા.૩૦–૧૦–૧૦ સુધીમાં ચૂકવેલ રકમ વિગરે માહિતી પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ વિભાગ તરફથી પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આ.નં.૩૪ તા.૧૫–૧૨–૧૦ થી ડ્રેનેજ વિભાગ હેઠળના પ્રોજેકટોને લાગુ પડતી માહિતી એનેક્ષર–૧ માં આપેલ છે. તેવું જણાવેલ છે. ઈજારદારની રજીસ્ટ્રેશન નંબર અંગેની માહિતી ડ્રેનેજ વિભાગમાં ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્ર નં.પીએચડી/ સો.વે.મે./ આ.નં. ૧૭૪૪ તા.૧૬–૧૨–૧૦ થી મુદ્દા નં.૩ માં જણાવેલ અરજીના મુદ્દા નં.૧ માં જણાવેલ જે તે મહાનગરે અત્યાર સુધીમાં મળેલ કેન્દ્ર રાજય સરકાર તરફથી ગ્રાન્ટો જે તે કામો અંતર્ગત જે તે ઈજારાદારને નાણા ચૂકવ્યા હોય તેમાં ઈજારાદારનું પુરું નામ સરનામું, ટેન્ડરની રકમ લાખમાં, મંજુરીની વિગત ઠરાવ નંબર અને તારીખ, રજીસ્ટ્રેશન નંબર, તારીખ, વર્ક ઓર્ડર નંબર, કામની સમય મર્યાદા, કામ શરૂ કર્યાની તારીખ, કામ પૂર્ણ કર્યાની તારીખ અને રીમાર્કસ ની માહિતી શીટ–એ થી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ ઈજારદારના કામનું બીલ નંબર , તારીખ બીલની રકમ રૂપિયા તેને ચૂકવેલ પાર્ટ/ફુલ પેમેન્ટની માહિતી શીટ–બી માં દર્શાવ્યા મુજબ પૂરી પાડવામાં આવેલ છે. ઈજારાદારની રજીસ્ટર નંબર અંગેની માહિતી ખાતાના દફતરે ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી તેવું જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી બ્રીજ સેલ તરફથી બ્રીજસેલ/આરટીઆઈ/૨૦/૧ તા.૧–૧૨–૧૦ થી માહિતી દર્શાવતું પત્રક પુરું પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૪) મુદ્દા નં.૧ માં જણાવેલ જે તે મહાનગરે નુર્મ યોજના હેઠળ કામો પૈકી પુરા થયેલા કામો અને ચાલુ હોય તેવા કામોની પ્રમાણિત યાદી આપો. તેવા પ્રશ્ન જાહેર માહિતી અધિકારી તરફથી તમારી અરજીના મુદ્દા નં.૩ અન્વયેની માહિતી **JNNRUM** ( સેલને લાગુ પડતી ન હોઈ અત્રેના સત્તા મંડળના લાગુ પડતા વિભાગોને પત્ર નં.ટીપીડી/જેએનએનયુઆરએક/આરટીઆઈ/૩ તા.૧૬–૧૧–૧૦ થી અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે મુદ્દા નં.૧ માં જણાવેલ સુરત મહાનગરપાલિકાના નુર્મ યોજના હેઠળ કરેલા કામો પૈકી સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા પૂરા થયેલા કામો અને ચાલુ હોય તેવા કામોની યાદીના કુલ પાના –૨ થવા જાય છે જે પાના દીઠ રૂા.૨ ગણતા રૂા.૪/– સુરત મહાનગરપાલિકાના કોઈ પણ નાગરીક સુવિધા કેન્દ્રમાં ભર્યાની અસલ રસીદ ખાતામાં રજૂ કર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ અને ત્યાર બાદ પત્ર નં.એસયુસી/આ.નં.૧૫૯૦ તા.૨૪–૧–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ તરફથી પત્ર નં.બીઆરટીએસ સેલ/આ.નં.૬૩૩ તા.૬–૧૨–૧૦ થી એનક્ષર–૨ થી અનુક્રમ નંબર, કામનું નામ, ટેન્ડરની રકમ રૂપિયા કરોડમાં અને રીમાર્કસ કામ પ્રગતિ હેઠળ રજૂ કરી માહિતી પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ વિભાગ તરફથી પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આ.નં.૩૪ તા.૧૫–૧૨–૧૦ થી ડ્રેનેજ વિભાગ હેઠળના પ્રોજેકટોને લાગુ પડતી માહિતી એનેક્ષર–૧ માં આપેલ છે. તેવું જણાવેલ છે. ઈજારાદારની રજીસ્ટ્રેશન નંબર અંગેની માહિતી ડ્રેનેજ વિભાગમાં ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.૪ થી મુદ્દા નં.૧ માં જણાવેલ જે તે મહાનગરે નુર્મ યોજના હેઠળ કરેલ કામો પૈકી પુરા થયેલા કામો અને ચાલુ હોય તેવા કામનો પ્રમાણિત યાદી આપવા જણાવેલ છે જે શીટ–એ માં દર્શાવ્યા મુજબની છે તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી બ્રીજ સેલ તરફથી બ્રીજસેલ/આરટીઆઈ/૨૦/૧ તા.૧–૧૨–૧૦ થી માહિતી દર્શાવતું પત્રક પુરું પાડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સીટી ઈજનેર તરફથી એચઈડી/આ.નં.૩૪૮૧ તા.૨૭–૧૧–૧૦ થી કેન્દ્ર સરકારની જેએનએનયુઆરએમ યોજના અંતર્ગત સુરત શહેરની વોટર સપ્લાય સ્કીમ માટે ઉપરોકત વિગત મુદ્દા નં.ર માં જણાવેલ મંજુર થયેલ ૩ પ્રોજેકટની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. જણાવેલ પ્રોજેકટના અમુક પેટા કામો પૂર્ણ થયેલ છે જયારે અન્ય કામો પ્રગતિ હેઠળ/ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે. તમારા પત્રમાં જણાવ્યા મુજબ વધુ માહિતી માટે હાઈડ્રોલીક વિભાગની કચેરીમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ દફતરી તપાસણી કરી આપવા યોગ્ય જરૂરી માહિતી નિયત ફી ની રકમ ભરીને મેળવી શકાશે તેવું જણાવેલ છે. પરંતુ કામોની યાદી આપેલ નથી. મુદ્દા નં.(૫) મુદ્દા નં.૧ માં જણાવેલ જે તે મહાનગરે નુર્મ યોજના હેઠળ કામો કરવા અંગે બનાવેલ નકશા જોવા સમજવા આપો માંગણી કરીએ તેની કલર ઝેરોક્ષ આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમારી અરજીના મુદ્દા નં.૩ અન્વયેની માહિતી **JNNRUM** સેલને લાગુ પડતી ન હોઈ અત્રેના સત્તા મંડળના લાગુ પડતા વિભાગોને પત્ર નં.ટીપીડી/જેએનએનયુઆરએક/આરટીઆઈ/૩ તા.૧૬–૧૧–૧૦ થી અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકામાં નુર્મ યોજના હેઠળ સ્લમ અપગ્રેડેશન વિભાગ સુમપા ધ્વારા કરવામાં આવેલ કામ અંગે બનાવેલ નકશા ખાતાના સ્લમ અપગ્રડેશન વિભાગ રૂમ નં.૧૨૦ મુગલીસરા

,મહાનગરપાલિકા, સુરત તા.૩૧–૧–૧૧ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રૂબરૂ જોવા માટે મળી શકશે. તેવું જણાવેલ. જે બાબતે અરજદારે ઈન્સ્પેકશન કર્યા અંગેની વિગતો જણાવેલ નથી પરંતુ અપીલમાં ઈન્સ્પેકશન વિના મૂલ્યે મેળવવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી મુદ્દા નં.૫ અન્વયે સુરત મહાનગરપાલિકાએ નુર્મ યોજના હેઠળના ડ્રેનેજ વિભાગના કામો કરવા અંગે બનાવેલ નકશા ડ્રેનેજ વિભાગમાંથી અગાઉથી સમય નકકી કરી રૂબરૂમાં ઓફિસ સમય દરમ્યાન તેમજ રજાના દિવસો સિવાયના ચાલુ દિવસે જોવા માટે મળી શકશે. તેવું જણાવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.૫ માં મુદ્દા નં.૧ માં જણાવ્યા અન્વયે સુરત મહાનગરપાલિકાએ નુર્મ યોજના હેઠળના સો.વે.મે. વિભાગના પૂર્ણ થયેલ કામોના નકશા વિભાગમાંથી અગાઉ સમય નકકી કરી રૂબરૂમાં ઓફિસ સમય દરમ્યાન તેમજ રજાના દિવસો સિવાયના ચાલુ દિવસે જોવા મળશે તેવું જણાવેલ છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી બ્રીજ સેલ તરફથી પત્ર નં. બ્રીજસેલ/આ.નં.૨૦ તા.૨૭–૧૧–૧૦ થી નકશા જોવા અને સમજણ આપવાની માંગણી કરેલ છે જે અંગે ઉપલબ્ધ નકશાઓનું નિરીક્ષણ કરવા તા.૨–૧૨–૧૦ ના રોજ ઈ.ચા. કાર્યપાલક ઈજનેર બ્રીજ સેલ રૂમ નં.૧૧૭ બીજો માળ મુગલીસરા ખાતે ૩.૦૦ થી ૬.૦૦ દરમ્યાન હાજર રહેવા જણાવેલ જેમાં પ્રથમ ૩૦ મીનીટ માટે ૦ ચાર્જ અને તે પછી પ્રતિ ૩૦ મીનીટનો ચાર્જ રૂા.૨૦/– લેખે ચૂકવવાનો રહેશે. સદર ઈન્સ્પેકશન દરમ્યાન જે દસ્તાવેજી પુરાવાની જરૂર જણાવ્યેથી જરૂરી ફી ભર્યેથી પૂરી પાડવામાં આવશે. જણાવેલ તારીખે હાજર રહૌ નહીં તો સબંધિત મુદ્દાઓનો જવાબ આપને મોકલી આપવામાં આવશે જે બાબતે બ્રીજ સેલ/આરટીઆઈ/૨૦/૧ તા.૧–૧૨–૧૦ થી અરજદારને મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી દર્શાવતું પત્રક મોકલામાં આવેલ છે. મુદ્દા નં.૬ મુદ્દા નં.૧ માં જણાવેલ જે તે મહાનગરે નુર્મ યોજના હેઠળ કામો અંગેની જાણકારી વેબ સાઈટ ઉપર માહિતી પ્રસિધ્ધ કરેલ છે કે કેમ? તેની માહિતી આપો. વેબસાઈટ ઉપર મુકેલ હોય તો તેની વેબસાઈટનું નામ આપો. જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ તરફથી પત્ર નં.બીઆરટીએસ સેલ/આ.નં.૬૩૩ તા.૬–૧૨–૧૦ થી મુદ્દા નં.૫ અન્વયે નુર્મ યોજના હેઠળના બીઆરટીએસ પ્રોજેકટના કામો અંગે બનાવેલ નકશાની માહિતી તથા તેનો રેકર્ડ અગાઉથી સમય નકકી કરી રૂબરૂમાં બીઆરટીએસ સેલવિભાગમાંથી ઓફિસ સમય દરમ્યાન તથા રજાના દિવસો સિવાય જોવા તેમજ વાંચવા મળી શકશે. જેના પ્રથમ ૩૦ મીનીટ પછીનો પ્રતિ ૩૦ મીનીટનો ચાર્જ રૂા.૨૦/– લેખે રેહશે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સીટી ઈજનેર તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૩૪૮૧ તા.૨૭–૧૧–૧૦ ના પત્રથી આ બાબતે તમારા પત્રમાં જણાવ્યા મુજબ વધુ માહિતી માટે હાઈડ્રોલીક કચેરીમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ દફતરી તપાસણી કરી આપવા યોગ્ય જરૂરી માહિતી નિયત ફી ની રકમ ભરીને મેળવી શકાશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) અંગે જેએનએનયુઆરએમ યોજના હેઠળની વિગતો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર પ્રસિધ્ધ કરેલ છે. તેવું જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સીટી ઈજનેર તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૩૪૮૧ તા.૨૭–૧૧–૧૦ ના પત્રથી આ બાબતે વધુ માહિતી માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર પ્રસિધ્ધ કરેલ છે.જેની વીઝીટ કરીને મેળવી શકાશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) મુદ્દા નં.૧ માં જણાવેલ જે તે મહાનગરે નુર્મ યોજના હેઠળ કામો અંગે પ્રતિ ત્રિમાસિક રિપોર્ટો કેન્દ્ર સરકારને મોકલ્યા હોય તેની નકલો જોવા , વાંચવા, ટાંચણ કરવા આપો. માંગણી કરીએ તેટલા પાનાઓની પ્રમાણિત નકલો આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી (પીએન્ડડી) તરફથી તમારી અરજીના મુદ્દા નં.૭ અન્વયે કેન્દ્ર સરકારને સુમપાથી ત્રિમાસિક રીપોર્ટો ટાઉન પ્લાનીંગના જેએનએનયુઆર સેલમાંથી અગાઉથી સમય નકકી કરી રૂબરૂમાં ઓફિસ સમય દરમ્યાન તેમજ રજાના દિવસો સિવાયના ચાલુ દિવસે જોવા મળી શકશે તેવું જણાવેલ. મુદ્દા નં.૮ મુદ્દા નં.૧ માં જણાવેલ જે તે મહાનગરે નુર્મ યોજના ના જે તે વિભાગીય જાહેર માહિતી અધિકારીઓ અને અપીલ અધિકારીશ્રીઓના પુરા નામ, સરનામા, હોદ્દા, સંપર્ક નંબર સહિતની યાદી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૮ અન્વયે માહિતી સુમપાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર પ્રસિધ્ધ કરેલ છે. તેવું જણાવેલ. મુદ્દા નં.(૯) મુદ્દા નં.૧ માં જણાવેલ જે તે મહાનગરે નુર્મ યોજના ના જે તે વિભાગીય જાહેર માહિતી અધિકારીઓએ માહિતી અધિકાર અધિનિયમ–૦૫ ની કલમ–૪(૧) ખ હેઠળ તૈયાર કરેલ પ્રો–એકટીવ ડીસ્કલોઝરની અપગ્રેડ કરેલ નકલ જોવા , વાંચવા, ટાંચણ કરવા આપો. માંગણી કરીએ તેટલા પાનાઓની પ્રમાણિત નકલો આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૮ અન્વયે માહિતી સુમપાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર પ્રસિધ્ધ કરેલ છે. વધુમાં માંગણી મુજબની માહિતી તથા રેકર્ડ અગાઉથી સમય નકકી કરી જે એનએનયુઆરએમ સેલ તેમજ લાગુ વિભાગોમાંથી ઓફિસ સમય દરમ્યાન રજાના દિવસો સિવાય જોવા તેમજ વાંચવા મળી શકશે જેનો પ્રથમ ૩૦ મિનિટ પછીનો પ્રતિ ૩૦ મિનિટનો ચાર્જ રૂા.૨૦/– લેખે રહેશે. તેવું જણાવેલ છે. જયારે ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/જેએનએનઆરયુએમ/આરટીઆઈ/૪ તા.૧૮–૧૧–૧૦ થી મુદ્દા નં.૧ થી ૯ ની તમામ સંલગ્ન ખાતાઓની માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે તથા તે મોકલ્યા અંગેના પુરાવાની નકલ રજૂ કરેલ છે. જે પૈકી મુદ્દા નં.૩ થી ૫ જુદા જુદા ખાતા/ વિભાગને સ્પર્શતા અંગે તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ , સ્લમ અપગ્રેડેશન , સો.વે.મે., ડ્રેનેજ વિભાગ તરફથી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક, બ્રીજ તથા એકા. વિભાગ તરફથી સંલગ્ન માહિતી સિવાયની તેમની ખાતાની અલગ કોઈ માહિતી આપવાની થતી હોય તેવી કોઈ વિગતો અત્રે અપીલ દરમ્યાન અત્રે રજૂ થયેલ નથી જેના અનુસંધાને અરજદારને તા.૧૫–૧૧–૧૦ ની અપીલ બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૦૮ તા.૨૫–૧–૧૧ ના પત્રથી તા.૯–૨–૧૧ ના રોજ સુનાવણી મુકરર કરવામાં આવેલ છે જેમાં અરજદાર હાજર રહેલ. તેવું જણાવી મુદ્દા નં.૧ થી ૯ લેખિત રજૂઆત આપેલ જે મુજબ અને અરજદારે નિયત નમુનામાં માહિતી આપેલ નથી.

મુદ્દા નં.૧ થી ૯ પૈકી ડે.કમિ.(પીએન્ડડી) પૈકી મુદ્દા નં.૩,૪ અને ૫ માટે તબદીલ સિવાયની માહિતી સમય મર્યાદામાં મળેલ છે. ૩,૪અને ૫ માટે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સિવાયના જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ, ડ્રેનેજ, સો.વે.મે., એકાઉન્ટ અને સ્લમ અપગ્રેડેશન ધ્વારા નિયત સમય અવધિ બાદ મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આપેલ છે. જયારે મુદ્દા નં.૫ માટે ઈન્સ્પેકશન આ તમામ જાહેર માહિતી અધિકારીએ વિના મૂલ્યે આપવાની ૫.થાય. ઈન્સ્પેકશન પશ્ચાતની મુદ્દા નં.૫ પૂરતી માંગવામાં આવે તે વિના મૂલ્યે આપવા પાત્ર થાય. તેમની લેખિત રજૂઆત પત્ર સ્વરૂપે કરવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ જાહેર માહિતી અધિકારી અને એડી.સીટી ઈજનેર તરફથી જાવક નં. ૨૦/૧ તા.૧–૧૨–૧૦ થી નિયત નમુનામાં માહિતી આપેલ નથી અને પોતાનું નામ જણાવેલ નથી. જે બાબતે અરજદારે નિયત નમુના –ગ(૪)(૧) માં માહિતી આપેલ છે. મુદ્દા નં.(૨) ડે.કમિ.(હેઅનેહો) તરફથી જાવક નં.૧૭૪૪ તા.૧૬–૧૨–૧૦ થી નિયત નમુનામાં માહિતી આપેલ નથી અને ૯ દિવસ મોડી માહિતી આપેલ છે. જે બાબતે અરજદારને લેટરપેડ ઉપર હોદ્દો અને નામ તેમજ ટેલીફોન અને ફેકસ નંબર તથા સત્તા મંડળ કચેરીની વિગતસહ જણાવેલ છે. મુદ્દા નં.(૩) જાહેર માહિતી અધિકારી એડી. સીટી ઈજનેર તરફથી જાવક નં.૪૩ તા.૧૫–૧૨–૧૦ થી આપેલ માહિતી ૯ દિવસ મોડી માહિતી આપેલ છે. નિયત નમુનામાં સહી કરવાની જગ્યાએ જાહેર માહિતી અધિકારીનું નામ જણાવેલ નથી. જે બાબતે અરજદારને લેટરપેડ ઉપર હોદ્દો અને નામ તેમજ ટેલીફોન અને ફેકસ નંબર તથા સત્તા મંડળ કચેરીની વિગત સહ જણાવેલ છે. મુદ્દા નં.(૪) એડી.સીટી ઈજનેર બીઆરટીએસ સેલ તરફથી જાવક નં.૬૩૩ તા.૬–૧૨–૧૦ થી નિયત નમુનામાં માહિતી આપેલ નથી. જેમાં એનેક્ષર–૨ માં જણાવેલ માહિતી અધૂરી છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબમાં અરજદારને ઈન્સ્પેકશનનો પ્રસ્તાવ કરેલ હોય અને તપાસણી અરજદાર તરફે બાકી હોય તે સંજોગોમાઅરજદારની અધૂરી માહિતીના દાવા ગ્રાહય રાખવા પાત્ર ઠરતો નથી કારણકે ત્યાં સુધી માહિતીનો ઈન્કાર કે અધૂરી આપ્યાનું પ્રતિપાદિત થતું નથી.રેકર્ડ નિરીક્ષણ માટે સમય મર્યાદા પૂર્ણ થતી તારીખે ટપાલ લખીને જણાવેલ છે. જેમાં એક અઠવાડિયાના સમય અગાઉ જાણ કરવી જરૂરી હોય છે તે મુજબ જાણ કરેલ નથી. તે કાયદાની કલમ–૭(૩) સાથે સુસંગત ન હોઈ ગ્રાહય રાખવા પાત્ર થતી નથી. રેકર્ડ નિરીક્ષણ તેમજ માંગેલી માહિતી વિના મુલ્યે આપવાની રજૂઆત અંગે અપીલ તબકકે તેટલા પૂરતી મુદ્દા નં.૫ અંગે વિલંબથી આપેલ માહિતી અંગે વિના મૂલ્યે ઈન્સ્પેકશન પુરું પાડવા જાહેર માહિતી અધિકારીએ તૈયારી દર્શાવેલ છે. જેમાં અરજદારે એડી. સીટી ઈજનેર (બીઆરટીએસ) જાવક નં.૬૩૩ તા.૬–૧૨–૧૦ થી નિયત નમુનમાં સહી કરવાની જગ્યાએ જાહેર માહિતી અધિકારીનુ નામ દર્શાવેલ નથી તેટલા પૂરતી અપીલમાંની રજૂઆત ગ્રાહય રાખવા જોગ થાય. મુદ્દા નં.(૫) એડી.સીટી ઈજનેર બીઆરટીએસ તરફથી જાવક નં.૬૩૩ તા.૬–૧૨–૧૦ થી નિયત નમુનામાં માહિતી આપેલ છે પરંતુ સ્પીડ પોસ્ટથી ટપાલ તા.૧૬–૧૨–૧૦ થી કરેલ છે. અને ૯ દિવસ મોડી કરેલ છે તેવી રજૂઆત કરેલ છે. અરજદારે નુર્મ યોજના હેઠળના કામોની નકશાની ઝેરોક્ષની માંગણી કરેલ છે જે બાબતે દફતરી ઉપલબ્ધ નકશા આપવામાં આવશે તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ. જે અંગે અરજદાર સંમત થયેલ છે. મુદ્દા નં.(૬) એડી. સીટી ઈજનેર તરફથી જાવક નં.૨૦ તા.૨૭–૧૧–૧૦ ના પત્રથી તા.૨–૧૨–૧૦ ના રોજ રેકર્ડ ઈન્સ્પેકશન માટે બોલાવેલ તેમાં અરજદારે એક અઠવાડીયા પહેલા પત્ર પાઠવવાની રજૂઆત કરેલ છે જે ગ્રાહય રાખવામાં આવતી નથી. ટપાલ અરજદારે તા.૨–૧૨–૧૦ ના રોજ મળી હોવાથી રેકર્ડ નિરીક્ષણ વિના મુલ્યેની રજૂઆત કરેલ છે. જે પત્રતા.૨૭–૧૧–૧૦ થી નિયત સમય મર્યાદામાં ડીસ્પેચ કરવામાં આવેલ હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) (ક) હેઠળ સાથે સુસંગત નથી. જેથી તેટલા પૂરતી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ નથી. મુદ્દા નં.(૭) સીટી ઈજનેરે જાવક નુ.૩૪૮૧ તા.૨૭–૧૧–૧૦ થી માહિતી આપેલ છે પરંતુ તેનું નામ દર્શાવેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ લેટરપેડ ઉપર માહિતી આપેલ છે તેમાં તેમના નામ હોદ્દા ફેકસ નંબર અને ટેલીફોન નંબર સહિતની માહિતી દર્શાવેલ છે. મુદ્દા નં.(૮) જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર તરફથી જેએનએનયુઆરએમ/આરટીઆઈ/જાવક નં.૩ તા.૧૬–૧૧–૧૦ તથા જાવક નં.૪ તા.૧૮–૧૧–૧૦ થી નિયત નમુનામાં સહી કરવાની જગ્યાએ જાહેર માહિતી અધિકારીનું નામ દર્શાવેલ નથી. જે બાબતે લેટર પેડ ઉપર હોદ્દા સાથે નામ દર્શાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી એડી.સીટી ઈજનેર ડ્રેનેજ, એડી.સીટી ઈજનેર બીઆરટીએસ, સો.વે.મેનેજર, ટાઉન પ્લાનર નં–૨, કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ , સીટી ઈજનેર અને ઈ.ચા. ડે.કમિ. (હિસાબનીશ) ઉપસ્થિત રહી અને જે તે ખાતાને સંદર્ભ માહિતી અંગે રજૂઆત કરેલ છે. સીટી ઈજનેર તરફથી સમય મર્યાદામાં માહિતી આપેલ છે અને ઈન્સ્પેકશન માટે પણ પ્રસ્તાવ કરેલ છે. અન્ય જાહેર માહિતી અધિકારી એડી. સીટી ઈજનેર (ડ્રેનેજ) સો.વે.મેનેજર, કાર્યપાલક ઈજનેર (સ્લમ અપગ્રેડેશન ) ધ્વારા અરજદારની સહીની નીચે નામ ન હોવાની રજૂઆત બાબતે લેટરપેડમાં નામ હોદ્દા સહિત પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાવેલ. ઈ.ચા. ડે.કમિ. (ફા.) તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી (પીએન્ડડી) વતી ટાઉન પ્લાનર–૨ સીટી ઈજનેર હાઈડ્રોલીક ધ્વારા **PAD** હેઠળ વેબ સાઈટ ઉપર માહિતી મુકેલ જણાવેલ છે. અરજદારે સુનાવણી દરમ્યાન તમામ જાહેર માહિતી અધિકારીઓને તા.૨૨–૨–૧૧ ના રોજ એક જ દિવસે તપાસણી આપવા વિનંતી કરેલ. જે અંગે તમામ જાહેર માહિતી અધિકારીએ તૈયારી દર્શાવેલ છે. અરજદારની નિયમ નમુનાના ફોર્મનો ઉપયોગ કરેલ ન હોવાની રજૂઆત અંગે નિયમ–૧૧ આરટીઆઈ નિયમ ધ્યાને લેતાં નિયત ફોર્મનો જ ઉપયોગ કરવાનું ફરજીયાત નથી પરંતુ તેમાં સમાવિષ્ટ વિગત આમે જ થવી જરૂરી છે અને તે મહદઅંશે જાહેર માહિતી અધિકારીએ અમલ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી હિસાબ અને ઈ.ચા. ડે.કમિ.ને તબદીલ અરજી પૈકી તેમને સ્પર્શતા મુદ્દાની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા જણાવવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ, ડ્રેનેજ, સો.વે.મે., અને સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા વિના મૂલ્યે તા.૨૨–૨–૧૧ ના રોજ ઈન્સ્પેકશન આપી ઈન્સ્પેકશન પશ્ચાત મુદ્દા નં.૫ પૂરતી માંગવામાં આવે તે નકશાની દફતરી ઉપલબ્ધ માહિતી વિના મુલ્યે પૂરી પાડવા જણાવવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક અને બ્રીજ તથા સીટી ઈજનેરને જો અરજદાર તા.૨૨–૨–૧૧ ના રોજ ઈન્સ્પેકશન અને નકલ માંગે તો આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ ઈન્સ્પેકશન આપી માહિતી પૂરી પાડવા જણાવવામાં આવે છે. તપાસણીના મુદ્દા સિવાય તમામ જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પૂરી પાડી દીધેલ હોઈ નમુના–ખ નો ઉપયોગ કરવાનો પ્રશ્ન અસ્થાને રહે છે. તેથી તેટલા પૂરતી અરજદારની રજૂઆત ગ્રાહય રાખવા પાત્ર નથી. પરંતુ પત્રમાં હોદ્દા સાથે નામ નોંધવા કાળજી લેવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસ) ને જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીના નામ હોદ્દો મુદ્દા નં.૮ માં જણાવેલ નથી તેવી અરજદારની રજૂઆત અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી) ધ્વારા વેબસાઈટ પર મુકયાનું જણાવેલ છે. પરંતુ અરજદારે માંગેલ વિગત આપેલ નથી. અરજદાર તે મેળવવા ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો સમય મર્યાદાનો પ્રત્યુત્તર ધ્યાને લેતાં નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી) કક્ષાએથી તપાસ ણી વેળા મેળવવા સ્વતંત્ર છે.

( પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસ) (૨)એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ((ડ્રેનેજ ,સ્ટ્રોમ) (૩)ઈ.ચા ડે.કમિ.(હેએન્ડહો)) અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે.) (૪)ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપીડી,જે.એન.એન.યુ.આર) (૫)ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) (૬) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક,બ્રીજ) (૭)ઈ. ચા . ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જયંતિભાઈ મુળજીભાઈ મીસ્ત્રી,